For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# કાલથી બે દિવસ ગુજરાતને એસીપી કક્ષાના અધિકારી ચલાવશે

**ડીસીપી** અને તેમનાથી ઉપરની કક્ષાના તમામ અધિકારી સ્ટેટ કોન્ફોરન્સમાં હાજર રહેશે

આવતીકાલથી એટલે કે તારીખ 23 અને 24 ડિસેમ્બરના રોજ રાજ્યના પોલીસ અધિકારીઓ માટે સ્ટેટ કોન્ફરન્સનું આયોજન કરાયું છે, જે એક ચિંતન શિબિર તરીકે માનવામાં આવી રહી છે. આ શિબિર ગાંધીનગરમાં જ યોજાશે તેવું જાણવા મળી રહ્યું છે. આ કોન્ફરસમાં ચાર શહેરોના પોલીસ કમિશનર, તમામ જિલ્લાઓના પોલીસ વડા, રેન્જ આઇજી, વિભાગના ડીજી તથા એડીજી ઉપસ્થિત રહેશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને આ કોન્ફરન્સ યોજાશે. 23 અને 24 ડિસેમ્બરના આ કાર્યક્રમ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલમાં યોજાશે જેમાં દરેક પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાને એક પ્રેઝન્ટેશન આપવા માટે જણાવ્યું છે. જેના માટે પોલીસ કમિશ્નરને 30 મિનિટ અને તમામ એસપીને 7 થી 8 મિનિટ પર પોતાના શહેર અથવા જિલ્લામાં થતી કામગીરી અને ક્રાઈમ રેટ અને આગામી પ્લાન અંગે પ્રેઝન્ટેશનમાં કહેવાનું રહેશે. રાજ્યમાં હાલ પોલીસ દ્વારા બેંક એકાઉન્ટ ભાડે આપવાનું કૌભાંડ એટલે ઓપરેશન મ્યુલ ચલાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ડ્રગ્સ વિરોધી ડ્રાઇવ કડક રીતે ચાલી રહી છે જેમાં પાન પાર્લરોમાં વેચાતા ગોગો રાઉન્ડ પેપર જપ્ત કરવામાં આવે છે અને હવે તેને રાખવા પર પ્રતિબંધ લદાયો છે. આ સાથે પોતાના જિલ્લામાં થતી ગુનાહિત પ્રવૃતિ ડામવા શું છે રોડમેપ તેના પર ચર્ચા થશે. આ શિબિર પેહલા ઓગસ્ટમાં યોજાવાની હતી પણ તે સમયે ન થઈ શકતા હવે ડિસેમ્બર મહિનામાં યોજાઈ છે. આ કોન્ફર્સન્સ 23 અને 24 ડિસેમ્બરના ગાંધીનગરમાં યોજાશે. તમામ ઉચ્ચ ઉપરી અધિકારી કોન્ફોરન્સમાં રહેશે જેથી કાયદો અને સુરક્ષા સહિતની તમામ જવાબદારી એસીપી કક્ષાના અધિકારીની રહેશે.

### વાંસીબોરસીમાં 1142 એકરમાં ગ્રીનફિલ્ડ પીએમ. મિત્રા ટેક્સટાઇલ પાર્ક બની રહ્યો છે

# નવસારીના પીએમ. મિત્રા પાર્કના અંતિમ ડીપીઆરને મંજૂરી




**ત્રણ** રાજ્યોમાં રૂ. 5,567 કરોડના પીએમ મિત્રા ટેક્સટાઇલ પાર્ક માટે અંતિમ ડીપીઆર મંજૂર

**નવસારીના** વાંસીબોરસી ગામે બનનારા ટેક્સટાઈલ પાર્કનાં માસ્ટર ડેવલપર્સ માટે બીજી વાર ટેન્ડર ઈશ્યુ થશે

સુરતઃ નવસારીમાં 1142 એકરમાં ગ્રીનફિલ્ડ પીએમ. મિત્રા ટેક્સટાઇલ પાર્ક બનાવવા અંતિમ ડીપીઆર આખરે મંજૂરી મળી છે. નવસારીના વાંસીબોરસી ગામે બનનારા ટેકસટાઈલ પાર્કનાં માસ્ટર ડેવલપર્સ માટે બીજી વાર ટેન્ડર ઈશ્યુ થશે. 2023 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પાર્કનું ખાતમુર્હુત કરવા છતાં આ પ્રોજેક્ટ સત્તાધારી પક્ષના આગેવાનો અને ખાનગી પ્લેયરોના ખટરાગના કારણે લટકી પડ્યો હતો. ખેડૂત અગ્રણી એમ.એસ. એચ.શેખ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી ફરિયાદ થયા પછી હવે 17 ડિસેમ્બર 2025 ના રોજ, કાપડ મંત્રાલય ( MoT ), નેશનલ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ ( NICDC ) ના સહયોગથી , પ્રધાનમંત્રી - મેગા ઇન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ રિજન એન્ડ એપેરલ ( PM MITRA ) પાર્ક માટે સંભવિત વિકાસકર્તાઓને જોડવા માટે નવી દિલ્હી, દિલ્હીમાં હિસ્સેદારોની પરામર્શ યોજાઈ હતી.

બેઠક દરમિયાન, MoTના અધિક સચિવ રોહિત કંસલે જાહેરાત કરી કે ઉત્તર પ્રદેશ (UP), કર્ણાટક અને ગુજરાતમાં ત્રણ ગ્રીનફિલ્ડ ટેકસટાઇલ પાર્ક માટે રૂ.5,567 કરોડના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ (DPRs) ને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. નવસારી સહિતના મિત્રા ગ્રીનફિલ્ડ ટેક્સટાઇલ પાર્ક માટે અંતિમ DPR મંજૂર કરવામાં આવ્યા છે. પીએમ મિત્ર યોજના પ્રોજેક્ટ ખર્ચના 30% સુધી વિકાસ મૂડી સહાય અને પ્રતિ પાર્ક રૂ. 300 કરોડ સુધીની સ્પર્ધાત્મક પ્રોત્સાહન સહાય ઓફર કરે છે, જેનો ઉદ્દેશ્ય લગભગ રૂ. 70,000 કરોડનું રોકાણ આકર્ષિત કરવાનો અને લગભગ 20 લાખ

અનુસંધાન પાના ૫ પર

### ડીપીઆરમાં 3 ગ્રીનફિલ્ડ ટેક્સટાઇલ પાર્કનો સમાવેશ

(1) **લખનૌ, યુપીઃ** યુપીમાં 1,000 એકરમાં ફેલાયેલો ગ્રીનફિલ્ડ પીએમ મિત્ર પાર્ક.

(2) **કલબર્ગી , કર્ણાટકઃ** કર્ણાટકમાં 1,000 એકરમાં ફેલાયેલો ગ્રીનફિલ્ડ પીએમ મિત્રા પાર્ક.

(3) **નવસારી , ગુજરાતઃ** ગુજરાતમાં 1,142 એકરમાં ફેલાયેલો ગ્રીનફિલ્ડ પીએમ મિત્ર પાર્ક.

### પીએમ. મિત્રા યોજના હેઠળ અત્યાર સુધી થયેલા MOU

| રાજ્ય | રોકાણ (એમઓયુ અને ઇઓઆઈ) |
|---|---|
| મધ્યપ્રદેશ | 14,099 કરોડ |
| ગુજરાત | 13,084 કરોડ |
| ઉત્તર પ્રદેશ | 5,270 કરોડ |
| તેલંગાણા | 3,862 કરોડ |
| મહારાષ્ટ્ર | 3,245 કરોડ |
| કર્ણાટક | 1,700 કરોડ |
| તમિલનાડુ | 1,231 કરોડ |
| કુલ | 42,491 કરોડ |






■ પૃથ્વી થી ઉપર, વાતાવરણમાં 5 થી 6 કિ.મી. ના અંતરે રહેલા વાદળોમાં બરફના ક્રિસ્ટલ બને છે. આ બરફના ક્રિષ્ટલ ષટ્કોણાકાર (Haxagonal) હોય છે. જે પ્રિઝમ જેવું કામ કરે છે. સૂર્યના કિરણો જ્યારે આ ક્રિષ્ટલ પર 22 અંશના ખૂણે અપાત થાય છે ત્યારે એ કિરણો વક્રીભવન પામીને સૂર્યની ફરતે એક રિંગ જેવું બનાવે છે. ઘણીવાર આ રિંગ સફેદ જોવા મળે છે તો ક્યારેક મેઘધનુષ જેવી રંગીન જોવા મળે છે. આ ઘટના ક્યારેક સૂર્ય ના કિરણો ક્રિષ્ટલ પર 46 અંશના ખૂણે આપાત થાય છે ત્યારે પણ બને છે. આ સમગ્ર ઘટનાને વિજ્ઞાનની ભાષામાં હેલો ફીનોમીનન કહે છે. અને આ રિંગને હેલો રિંગ કહે છે. આ દ્રશ્ય સુરતમાં આજે રવિવારે બપોરે 12.00 વાગ્યે સુરતના આકાશમાં જોવા મળ્યું હતું. **(તસવીર હેમંતઃ ડેરે)**

### બિસ્માર રોડ મુદ્દે એક યુવકે તંત્ર સામે હિંમત બતાવી બાથ ભીડી, બીજા કેમ ચૂપ?

# ખાડાને કારણે ઈજાના કેસમાં NHAI વિરુદ્ધ ગુનો નોંધાયો

**29** ઓગસ્ટે એક યુવક ગરુડેશ્વરથી રાજપીપળા આવી રહ્યો હતો ત્યારે ખાડામાં પટકાતા ઈજા પહોંચી હતી

**છેવટે** માનવ અધિકાર આયોગે સુનાવણી કરી પોલીસને ફરિયાદ નોંધવા આદેશ આપ્યો

રાજપીપલા: ગરુડેશ્વરના એક યુવાનને બાઈક પર જતા અકસ્માત નડ્યો હતો. આ યુવાનને 111 દિવસની મહેનત બાદ NHAI વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં સફળતા મળી હોવાનો રસપ્રદ કિસ્સો બહાર આવ્યો છે.

ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર કેવડિયા કેનાલ હેડ પાવર હાઉસમાં ફરજ બજાવતા પ્રવીણકાન્ત ઝા નામનો યુવાન ગત 29 ઓગસ્ટના રોજ તેની બાઈક પર ગરુડેશ્વરથી રાજપીપલા આવી રહ્યો હતો. ત્યારે વાંસલા ગામ પાસે રોડ પર ખાડાને કારણે તેની બાઈકને અકસ્માત થતા તે નીચે પડી જતા ઈજાગ્રસ્ત થયો હતો. એ જ દિવસે આ ખાડાને કારણે અન્ય ત્રણ અકસ્માત થયા હતા. તે જાણી આ જાગૃત યુવાન તંત્રને જગાડવા NHAI વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા ગયો, પરંતુ ગરુડેશ્વર કે કેવડિયા પોલીસ મથકે ફરિયાદ ના લીધી. જેથી તેણે ડીવાયએસપીને ફરિયાદ લેવા રજૂઆત કરી, પરંતુ ત્યાંથી પણ સકારાત્મક જવાબ ના મળ્યો. નિરાશ થયા વિના પ્રવીણ ઝાએ તેના પ્રયત્નો ચાલુ રાખ્યા અને જિલ્લા પોલીસ વડાને મળ્યા, તો પણ તેની ફરિયાદ તો ન જ નોંધાઈ. નાગરિકોને તેમના અધિકારો અંગે જાગૃત કરવા આખરે પ્રવીણ ઝાએ માનવ અધિકાર આયોગને ફરિયાદ કરી. માનવ અધિકાર

અનુસંધાન પાના ૫ પર

# વાંસદામાં હડકાયા શ્વાને નવ લોકોને બચકા ભર્યા



**તમામ** લોકોને સ્થાનિક હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે ત્રણ જણાને નવસારી હોસ્પિટલ મોકલાયા

**સ્થાનિકોએ** ભારે પ્રયત્નો બાદ હડકાયા કૂતરાને પકડી યમલોક પહોંચાડી દીધો

વાંસદા : વાંસદા તાલુકાના ઉનાઈ-ખંભાલીયા વિસ્તારમાં હડકાયા કૂતરાએ અચાનક દસ વ્યક્તિઓ પર હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. કૂતરાના આક્રમક વલણને કારણે લોકોમાં અફરાતફરી ફેલાઈ ગઈ હતી. હડકાયા કૂતરાના હુમલામાં નવ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા તેમને

અનુસંધાન પાના ૫ પર

**હડકાયા કૂતરાનો ભોગ બનેલા સ્થાનિકો**

1. મહેન્દ્રભાઈ મનુભાઈ પટેલ
2. વર્ષાબેન યોગેશભાઈ ચૌધરી
3. કેવિનભાઈ રાજેશભાઈ લાડ
4. પ્રતીબેન રવિભાઈ નિમાવત
5. ઝીલકુમાર વિપુલભાઈ ભોય
6. વિકેશભાઈ મહેન્દ્રભાઈ ચૌધરી

વધુ સારવાર માટે નવસારી ખસેડાયા

7. મકસુદભાઈ ફકીરભાઈ શેખ
8. બાપુ સોનુભાઈ ગાયકવાડ
9. ગણપત ભાઈ ડાહ્યાભાઈ પટેલ

### દુકાન ખાલી કરાવવાના વિવાદમાં

# નાનપુરાનો યુવાન પોતાનું જ ઘર સળગાવી પત્ની સાથે ફરાર

**પિતાએ** પુત્ર સામે 18 લાખના નુકસાનની ફરિયાદ નોંધાવી

સુરત : નાનપુરા વિસ્તારના ગોવર્ધન સ્ટ્રીટમાં મિલકતના વિવાદને લઈને એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પુત્રે જ પોતાના પિતાના મકાનના ગ્રાઉન્ડ ફ્લોરમાં પેટ્રોલ છાંટી આગ લગાવતા ભાડુઆતની દુકાન સહિત મકાનને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું બહાર આવ્યું છે. આ બનાવ અંગે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.પોલીસે હાલ પુત્રની ધરપકડ કરી વધુ તપાસ હાથધરી છે.

નાનપુરા ગોવર્ધન સ્ટ્રીટમાં રહેતા 57 વર્ષીય રિક્ષા ચાલક ઉમેશભાઈ બાબુભાઈ પટેલે દાદાના નામે ચાલતી મિલકતમાં ગ્રાઉન્ડ ફ્લોર ભાડે આપેલો છે, જ્યારે પ્રથમ માળે નાનો ભાઈ અને બીજા માળે પોતે રહે છે. તેમનો પુત્ર સની કેટલાક સમયથી ગ્રાઉન્ડ ફ્લોરની ભાડેથી આપેલી દુકાન ખાલી કરાવી ત્યાં રહેવાની માંગ કરી રહ્યો હતો. આ બાબતે અવારનવાર પરિવાર સાથે ઝઘડા કરી ગાળાગાળી તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. ગત 20મીના રોજ બપોરે અંદાજે ત્રણથી ચાર વાગ્યાના અરસામાં સની પટેલે ફરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ થોડા સમયમાં પ્લાસ્ટિકની બોટલમાં પેટ્રોલ લઈને આવ્યો અને ભાડેથી આપેલી ગ્રાઉન્ડ ફ્લોરની જગ્યા પર બારીમાંથી પેટ્રોલ છાંટી દિવાસળીથી આગ ચાંપી દીધી હતી. બાદ તે પોતાની પત્ની અને દીકરી સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ ફાયર બ્રિગેડ તથા પોલીસને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગે આગ કાબૂમાં લીધી હતી. તપાસમાં ભાડુઆત વિશાલભાઈ કાંતિભાઈ પટેલની સાઈન બોર્ડ બનાવવાની દુકાનમાં રહેલું લેસર મશીન, રેડિયમ કટિંગ

અનુસંધાન પાના ૫ પર

### છ વર્ષના બે બાળકને કારે કચડી માર્યા

# બુટલેગરે પાલિયા ગ્રાઉન્ડ પાસે બાળકને કચડી માર્યો

**નાનાવરાછામાં** કાર પાર્ક કરતી વખતે 6 વર્ષના બાળકને કચડી નાખતા મોત

સુરત : સુરત શહેરના કારચાલકો બેફામ બન્યા હોવાની પ્રતિતિ હાલમાં થઈ રહી છે. એક જ દિવસમાં કાર નીચે આવી જતાં જુદા જુદા વિસ્તારના છ વર્ષના બે બાળકોએ અંતિમ શ્વાસ લીધા હતા.

પહેલી ઘટના લાલગેટ પોલીસમથકની હદમાં આવતા પાલિયાગ્રાઉન્ડ ખાતે બની હતી. મૂળ મધ્યપ્રદેશના રતલામના અને હાલ પાલિયા ગ્રાઉન્ડ નજીક ઝુપડપટ્ટીમાં રહેતા અને છૂટક મજૂરી કરતાં કેવનભાઈ ભાભરનો ૬ વર્ષનો પુત્ર અર્જુન આજે બપોરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં ઘર પાસે કાચા રોડ પર રમી રહ્યો હતો. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા ફોરવ્હીલ ચાલક સુનિલ દેવદા (નં. જીજે-૦૫-આરડી-૦૧૩૪) એ અર્જુનને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે અર્જુનને મૃત જાહેર કર્યો હતો. અર્જુનના પિતાએ મૃતક અર્જુનના પિતા કેવનભાઈએ જણાવ્યું હતું કે કારચાલક સુનિલ દેવદા બુટલેગર છે અને તે પાલીયા ગ્રાઉન્ડ ખાતે દારૂનો અડ્ડો ચલાવે છે અને તે દારૂના અડ્ડા પર કાર લઈ આવી રહ્યો હતો. ત્યારે તેમના પુત્રને અડફેટેમાં લીધો હતો અને મોતને ભેટ્યો હતો. જ્યારે આ પ્રકારની જ બીજી ઘટના નાનાવરાછાની જીવનધારા સોસાયટીમાં બની હતી. અહીં રહેતા મૂળ અમરેલી જિલ્લાના મોટા લીલિયાના વતની ચિંતનકુમાર ધોળિયાનો છ વર્ષીયપુત્ર નયેશ શનિવારે સાંજે 7 વાગ્યાના અરસામાં સોસાયટીમાં રમતો હતો. દરમિયાન તેમના પડોશીએ ગેરેજમાં આપેલી કાર રીપેરીંગ કરી પરત ઘરે મૂકવા આવેલા ગેરેજના ડ્રાઈવરે જીવનધારા સોસાયટીમાં ટર્ન લેતા ત્યાં રમી રહેલા નયેશને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. જેથી બાળકને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન મોડી રાત્રે તેનું મોત નિપજ્યું હતું. બનાવને પગલે કાપોદ્રા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પતંગની દોરીને કારણે તરુણને 5 ઈંચનો ચીરો પડી ગયો

**બાઇક** પર દોરી આવી જતાં પિતાએ પાછળ ધકેલતા પુત્ર ઘાયલ થઇ ગયો

**સિવિલમાં** ડિંડોલીના તરુણને 10 ટાંકા લેવા પડ્યા

સુરતઃ ઉત્તરાયણનો પર્વ પાસે આવતા જ શહેરમાં પતંગની દોરીનો કહેર પણ વધવા લાગ્યો છે. ત્યારે રવિવારની રજા હોવાથી પિતા સાથે નાસ્તો લેવા જતા 13 વર્ષના બાળકને પતંગની દોરીને કારણે 10 ટાંકા આવ્યા હતાં. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. બાઈક પર જતી વખતે પતંગની દોરી વચ્ચે આવી જતા પિતાએ પાછળ ધક્કો માર્યો તો પુત્રને ઈજા થઈ હતી.

મળેલી માહિતી મુજબ, ડિંડોલી મહાદેવનગર-4માં રહેતા

અનુસંધાન પાના ૫ પર

**29 નવેમ્બર :** લિંબાયત વિસ્તારમાં સંગમની બાજુમાં આવેલા એક નાના મેદાનમાં 12 વર્ષનો મોહમ્મદ ફૈઝાન પતંગ પકડવા માટે ગયો હતો, ત્યારે અચાનક જ એક જૂની અને જર્જરિત દીવાલ તેના પર તૂટી પડી હતી જેમાં તેનું મોત થયું હતું

**1 ડિસેમ્બર :** ગોડાદરા ખાતે આવેલા વૃંદાવનનગરમાં રહેતા પ્રવીણભાઈ સંજયભાઈ યાદવ નાઓ બપોરના સમય બાઈક લઈને લીંબાયત નીલગીરી સર્કલ તરફ જતા બ્રિજ પરથી પસાર થઇ રહયા હતા.ત્યારે અચાનક પતંગની કાતિલ દોરી તેમી આગળ આવી જતા તેમનું ગાલ ચિરાઈ ગયો હતો

**2 ડિસેમ્બર :** ઉધના ઓવર બ્રિજ પર પતંગની દોરી આવી જતાં બાઈક પર જતો પરિવાર નીચે પટકાયો, માતા-પુત્રને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતાં.


**૨૧મી પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**



સ્વ. પાંડુરંગ તાત્યાબા શિન્દે
સ્વ.તા.૨૨/૧૨/૨૦૦૪

આપની હૈયાતી અમારી પ્રેરણા હતી, આપ અમારા માર્ગદર્શક હતા. પ્રસન્નતા આપનું જીવન હતું. સૌજન્ય, સદ્ભાવ, સ્નેહ, સૌમ્યતા જેનો સ્વભાવ હતો, સહજતા અને ઉદારતા જેના સદ્ગુણો હતા. આપ ભલે દેહથી દુર થયા પણ આત્માથી હંમેશા અમારી સમી હતા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લિ. રમેશ પી. શિન્દે
(એડવોકેટ એન્ડ નોટરી)
આશા રમેશ શિન્દે
તથા સમસ્ત શિન્દે પરિવાર ગામ-માંધરુન



**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**લેઉવા પાટીદાર અવસાન**




સ્વ. અશોકકુમાર શાંતિલાલ જરીવાલા
સ્વ. તા. ૨૦-૧૨-૨૦૨૫ શનિવાર
દિલગીરી સાથે જણાવવાનું કે સ્વ. અશોકકુમાર શાંતિલાલ જરીવાલાનું તા. ૨૦-૧૨-૨૦૨૫ને શનિવારના રોજ અવસાન થયેલ છે.
બેસણું: તારીખ: ૨૨-૧૨-૨૦૨૫ને સોમવારના રોજ રાત્રે ૦૮:૦૦ થી ૦૯:૩૦ કલાકે રાખેલ છે. સ્થળ:- ૪/૩૫૧, દુધારા શેરી, બેગમપુરા, સુરત -૩૯૫૦૦૩.

લિ.
ગં સ્વ. શોભનાબેન અશોકકુમાર જરીવાલા
પરિમલ અશોકકુમાર જરીવાલા (૯૯૧૩૪૯૯૯૧૬)
નિકુંજ અશોકકુમાર જરીવાલા(૯૭૧૨૯૭૦૨૦૦)
શાંતિલાલ નગીનદાસ જરીવાલા પરિવાર



**સાતમી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**



સ્વ.હર્ષદભાઈ નરોત્તમભાઈ પટેલ
સ્વ.તા.૨૨-૧૨-૨૦૧૮

આપની પ્રેરણાના દિપ બુઝાશે નહિં, વાત્સલ્યની વર્ષા કદી ખુટશે નહિં, રહેશો સદા અમ સ્મરણમાં તમો, સ્નેહના બંધન કદી તુટશે નહિં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. ગં.સ્વ.કંચનબેન હર્ષદભાઈ પટેલ
નિરવ હર્ષદભાઈ પટેલ જાગૃતિ નિરવ પટેલ
મનોજ ભગુભાઈ નાયક અર્ચના મનોજ નાયક
નિરાલી, હાર્દિક, અનેરી, કરિશ્મા, જ્વલંત
૧૫, રંગકૂપા સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત